R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 21•ISSUE: 40 DATE: 07-10-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## કાશ્મીરની જનતાને સરકારમાંથી વિશ્વાસ ઉઠી ચુક્યો છે : યશવંત સિંહા

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને ભુતપુર્વ એનડીએના નાણાંમંત્રી યશવંતસિંહાએ અર્થતંત્રમાં આવેલી મંદી માટે હાલના નાણાંમંત્રી અરુણ જેટલીને જવાબદાર ઠેરવ્યા બાદ હવે મોદી સરકારની કાશ્મીર નીતિ સામે સવાલ કર્યા છે. સિંહાએ કહ્યુ હતું કે સરકારે કાશ્મીર મુદ્દાને માથાનો દુઃખાવો બનાવી દીધો છે.ભારત કાશ્મીરને ઈમોશનલી ખોઇ ચુક્યું છે.અને ત્યાંના લોકોમાં પણ સરકારમાંથી વિશ્વાસ ઉઠી ચુક્યો છે.પુર્વ નાણાં પ્રધાન યશવંતસિંહાએ પત્રકાર કરણ થાપરને આપેલી એક ટીવી મુલાકાતમાં જણાવ્યુ હતું કે જમ્મુ-કાશ્મીરમાં એવું કાઈક છે કે જે મને મુઝવે છે. હું જનતાની વધી રહેલી દુરીને જોઇ રહ્યો છું. આપણે લોકોને ઈમોશનલી ગુમાવી દીધા છે.તમે ખીણ પ્રદેશની મુલાકાત કરશો તો એહસાસ થશે કે લોકોને આપણામાંથી વિશ્વાસ ઉઠી ગયો છે.

યશવંતસિંહા સીવીલ સોસા. કન્સર્ડ સીટીઝન ગ્રુપ ના સભ્યો સાથે અનેકવાર કાશ્મીરની મુલાકાત કરી ચુક્યા છે.સિંહા તે જુથનું નેતૃત્વ કરતા હતા . તે દરમિયાન સિંહાએ ૭૦ વર્ષ જુની કાશ્મીર સમસ્યાઓનો કાયમી ઉકેલ શોધવા અનેક જુથો અને સમુદાયો સાથે વાતચીત કરી હતી.આ જુથમાં નિવૃત જસ્ટીસ એ.પી.શાહ. મુંબઈના પુર્વ પોલીસ કમિશ્નર જે.એફ.રિબેરો.વજાહત હબીબુલ્લાહ. એ.એસ. દૌલત, અરુણા રોય, અને ઈતિહાસકાર રામચંદ્ર ગુહા જેવી જાણીતી હસ્તીનો સમાવેશ થતો હતો.

આ પહેલા કાશ્મીરની જનતાને સરકારમાંથી વિશ્વાસ ઉઠી ગયો છે તે અંગે એક નિવેદન કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આપ્યું હતું પરંતુ તેઓ વિપક્ષના હોવાને નાતે આ નિવેદન ઉપર લક્ષ્ય અપાયું નહોતું. પરંતુ જ્યારે યશવંતસિહાએ ખરેખર પરિસ્થિતિ બયાન કરી છે તો સરકાર તરફથી કાશ્મીરમાં જે કોઈ નીતીરીતીઓનો અમલ કરનાર અન કરાવનાર છે તેમનો દોષ સાબિત થાય છે કાશ્મીરમાં ચાલી રહેલી અગણિત હિંસા અને અવવસ્થા સુચવે છે કે ત્યાંની પરિસ્થિતિ એકદમ બગડી ગઈ છે.સિંહાના મતે આપણે ઈમોશનલી જમ્મુ-કાશ્મીર ખોઈ ચુક્યા છીએ.બંધારણની કેટલીક કલમો દુર કરવાની હિમાયત કરનારાઓ એ વાતની ખબર નથી કે ચોપડામાંથી નષ્ટ કરવામાં આવતી કલમો નું ખરેખર કેટલું વજુદ છે.પીડીપી-ભાજપની યુતિએ સરકાર ચલાવવા માટે કરેલી સમજુતિએ અવ્યવસ્થા અને હિંસાચારને રોકવામાં અસમર્થતા બતાવી છે તેવો પડકાર સિંહાના નિવેદનો મારફતે ઉભો થયો છે.સરકાર કાશ્મીરની પરિસ્થિતિ હલ કરવામાં તાત્કાલિક ઉપાયો કોઈપણ પ્રકારના પુર્વગ્રહોમાં પડ્યા વગર વિચારશે તો કાશ્મીરની જનતાને ન્યાય આપ્યો ગણાશે.

## વિકાસ મફતમાં મળતો નથી તેથી તેની કિંમત ચુકવવી પડે : નાણાંમંત્રી અરુણ જેટલી આર્થિક ઉન્નતિના ઢોલ પીટ્યા



દેશમાં છેલ્લા ત્રણ વર્ષોમાં થઈ રહેલા વિકાસના પ્રચારને બિરદાવતાં નાણાં મંત્રીએ દેશની પ્રજાને વિકાસ મફતમાં મળતો નથી તેના માટે કિંમત ચુકવવી પડે છે તેવુ નેશનલ એકેડમી ઓફ કસ્ટમ એક્સાઈઝ એન્ડ નાર્કોટીક્સના સ્થાપના દિને સંબોધતા કહયુ હતું.જો કે નાણાંમંત્રી કોને વિકાસ કહે છે અને તે હજુ સુધી સમજાયું નથી.દેશમાં ચારેકોર ઉત્સવોની ઉજવણીમાં વેડફાંતા અઢળક નાંણાંને વિકાસ કહેવાતો હોય તો બની શકે છે કે તેઓ સાચા હોય.છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં ઉજવતા ઉત્સવો અને મોંઘેરા મહેમાનોની આતિથ્ય માટે કરાતાં લખલુટ ખર્ચાઓ જનતાએ પોતાની નજરે નીહાળ્યા છે.

જો કે કરદાતાઓ દ્વારા ચુકવાતા ટેક્સનો પ્રમાણિકતાથી ખર્ચ થવો જોઈએ તેવી વાતો પણ તેમણે કરી હતી. પરંતુ જે લોકો વિકાસની માંગ કરે છે તેમણે તે માટે કિંમત ચુકવવી પડે તેવું કહીને પ્રજાની પીઠ ઉપર એક કોરડો ઝીક્યો હોય તેવું ભાસે છે.

નાણાંમંત્રીના મતે અર્થતંત્ર વૃધ્ધિ પામી રહ્યું છે.ભારત અત્યારે ઈનડાયરેકટ કરમાળખાની વ્યવસ્થામાંથી પસાર થઈ રહ્યો છે.ડાયરેક્ટ ટેક્સ દેશના અમીરો દ્વારા ચુકવાય છે પરંતુ ઈનડાયરેક્ટ ટેકસનો બોજો દેશના દરેક નાગરિક પર પડે છે. તેથી તેઓ આર્થિક નીતિમાં ધ્યાન આપી રહ્યા છે.પાયાની જરુરીયાતની વસ્તુઓ પર ઓછામાં ઓછા કરવેરા હોય તેવું તેમનું માનવું છે ખેર હકીકતમાં સૌથી વધુ કર સામાન્ય લોકો પાયાની જરુરીયાતની ચીજ વસ્તુઓ પર આપે છે.

જીએસટી અંતગર્ત આવતા સ્લેબમાં ઘટાડો કરવાની તકો એક વાર મહેસુલી આવક મહત્તમ થઈ ગયા પછી જ થશે.તેમણે કહ્યુ કે આર્થિક સુધારાની તકો છે. નાના કરદાતાઓને લાગેવળગે છે ત્યાં સુધી કરબોજો ઘટાડવા માટે અમારી પાસે સુધારાની તકો ઉપલબ્ધ છે.પરંતુ મહેસુલી આવક સ્થિર થવી જોઈએ.મહેસુલી આવક જ ભારતને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ બનાવશે.

નાણાંમંત્રીએ કહ્યુ હતું કે આપણે જીએસટીના અમલમાં પ્રથમ બે ત્રણ મહિનાના તબક્કામાં છીએ. આપણી પાસે હજુ સુધારાને ખાસ્સો અવકાશ છે. નાના કરદાતાઓને લાગેવળગે ત્યાં સુધી ટેક્સમાં ઘટાડાની શક્યતાઓ છે.એકવાર આવકની ખાઈ દુર થશે એટલે સ્લેબ ઘટવાનુ શકય બનશે.મોટાપાયે જે કોમોડીટીનો ઉપયોગ થતો હોય તેના પર ટેક્સ ઘટાડવાનો સરકાર પ્રયાસ કરે છે.

## નોન રીલાયેબલ રેસિડેન્ટ(એનઆઇઆઇ) પતિઓ જેઓ પત્નીની આકરી સતાવણી કરતા હોત તેમનીસામે આકરી સજાની કરવાની ગોયેલ સમિતિએ ભલામણ કરી

પત્નીની સતાવણી અથવા તો લગ્ન કરી ત્યજી દેતા એનઆરઆઈ પતિઓ પર સરકારે તવાઈ લાવવાનો મનસુબો કર્યો છે.ભારતમાં આવી લગ્નની છેતરપીડીં કરનરા સામે આકરાં પગલાં લેવા જોઈએ તેવી ભલામણ ગોયેલ સમિતિએ કરી છે.તેમાં પાસપોર્ટ રદ કરવા સહિતના વિવિધ પગલાંની કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવી છે.એનઆઈઆર પતિઓ દ્વારા ત્યજી દેવાયેલી પત્નીઓની ફરિયાદોને પગલે વિદેશ મંત્રાલયે મે મહિનામાં એક સમિતિની રચના કરી હતી.સમતિએ ભારત દ્વારા અન્ય દેશો સાતે કરાતી પ્રત્યાપણ સંધિમાં ઘરેલું હિંસાના કેસોનો સમાવેશ કરવાની ભલામણ કરી હતી. તેને કારણે ભારતમાં કેસ ચલાવવા માટે એનઆઈઆર પતિઓનું પ્રત્યાપર્ણ કરી શકાશે.મહિલા અનો બાળકલ્યાણ મંત્રાલયે જણાવ્યુ છે કે કેન્દ્ર સરકાર આ ભલામણો સ્વીકારી લેશે.

ત્યજી દેવાયેલી પત્નીને ન્યાય મળી રહે તે માટે નિવૃત જજ અરવિંદકુમાર ગોએલના નેતૃત્વ હેઠળની નવ સભ્યોની સમિતિએ પત્નીની ફરિયાદના આધારે એનઆરઆઈ પતિનો પાસપોર્ટ રદ કરવાની ભલામણ કરી છે.જેથી જો તે ભારતમાં હોય તો તે કેસના નિકાસ સુધી દેશ છોડી શકશે નહીં. જો તે વિદેશમાં હશે તો તેને દેશનિકાલ કરાવી ભારત પરત લાવી શકાશે.

પેનલે ત્યજી દેવાયેલી પત્નીને અપાતી ૩૦૦૦ડોલરની આર્થિક સહાય વધારીને૬૦૦૦ડોલર કરવાની ભલામણ કરી છે.જેથી તે વિદેશની ધરતી પર કાયદાકીય સેવાઓ મેળવી શકે.

તે ઉપરાંત સમિતિએ આ સંદર્ભમાં યોગ્યકાયદો નઘડાય ત્યાં સુધી એનઆરઆઈ ને લગતાં તમામ લગ્નોની નોંધણી રાજ્યોમાં ફરજીયાત બનાવી છે.એનઆરઆઈ પતિ પાસપોર્ટ નંબર,સોશ્યલ સીક્યુરીટી નંબર, રેહણાંક અને ઓફીસના સરનામાં વગેરે માહિતી પુરી પાડે પછી જ લગ્નનું પ્રમાણપત્ર આપવામાં આવે તેવી ભલામણ કરવામાં આવી છે.કડક નિયમોથી લગ્નની છેતરપીડી ઘટવાનો સંભવ છે.

એનઆરઆઈ પતિ મેળવીને વિદેશમા જવાના સપના જોતા અનેક કન્યાઓ અને તેમના કુટુંબીજનો છેતરાયા છે જેમને આનાથી લાભ મળશે તેવી શક્યતાઓ રહેલી છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મોહનદાસ કરમચંદ ગાંધી, જેને આપણે મહાત્મા ગાંધી તરીકે ઓળખીએ છીએ.હાલમાં તો દેશની કરન્સી ઉપર જ ગાંધી છે અને તેથી ગાંધી છાપને લોકો જુએ છે અને આવકારે છે.૨જી ઓકટો.ગાંધી જયંતિની ઉજવણી એ માત્ર એક સરકારી ઉજવણી બની ગઇ છે.ખરેખર ગાંધીએ આ દેશ માટે શું કર્યુ, શું વિચાર્યુ અને અને તેને અનુસરવા માટે જે કાંઇ જ્ઞાન આપ્યુ તેની ઉપરઆપણે વિચાર કરતાં નથી.

ગાંધીજી એ આઝાદી મળ્યા બાદ દેશનો પ્રવાસ કર્યો.પ્રવાસ દરમિયાન તેમણે દેશમાં વ્યાપેલી અસ્પૃશ્યતા,આળસ,ગંદકી, નિરાશા, કંગાલિયત, વ્યસન, પ્રારબ્ધવાદ,અંધશ્રધ્ધા, શોષણ જેવા અનેક દુષણો જોયા.આ અભ્યાસ પ્રવાસથી તેમને એક વાતની પાકી ખાત્રી થઇ ગઇ કે સૌ પ્રથમ દેશવાસીઓને તૈયાર કરવા માટે ગામડે ગામડે એવા લોકસેવકો તૈયાર કરવા પડે કે જેઓ સમાજના દુષણો સામે લડીને તેને દુર કરવાનું ભગીરથ કાર્ય કરી શકે.તો જ એક જાગૃત,પ્રગતિશીલ અને આત્મવિશ્વાસથી છલકતા રાષ્ટ્રનું નવનિર્માણ થઇ શકે. જો કે આજે આઝાદીના સાત દાયકા બાદ પણ પરિસ્થિતિમાં જોઇએ તેવો સુધારો આવી શક્યો નથી. હા, ગાંધીજીએ વિચારેલા રામરાજ્યની રુપરેખા બદલાઇ ગઇ છે.હવે તો દેશને ખોખલા વાયદાઓના વેપારને સ્થાન મળી ગયું છે.પ્રજા આઝાદીને લાયક બની શકી કે કેમ એ એક મુઝવતો કોયડો બન્યો છે.

ગાંધીજીના મતે સ્વતંત્રતા પહેલા સામાજિક સુધારણા ન થાય,અસ્પૃશ્યતા નાબુદ ના થાય, કે આર્થિક અસમાનતા ન ઘટે તો સ્વતંત્રતા છેવાડના માનવી સુધી સ્પર્શી ના શકે તો તે અર્થહીન છે તેવો સ્પષ્ટ મત ગાંધીજીનો હતો.જો ગાંધીના મતને હાલની પરિસ્થિતિના સંદર્ભમાં જોઇએ તો પુર્વ પશ્ચિમ જેટલો તફાવત દેખાય છે.સ્વરાજ એટલે દેશના સૌથી કંગાળ,શોષિત,વંચિત,નિઃસહાય અને કચડાયેલા માણસનું ઉત્થાન,તેનુ સ્વમાન સચવાય,તેને મહેનતનું વાજબી ફળ મળે તેવા આઝાદ ભારતનું ગાધીજીનું સ્વપ્રુ આજે કેટલું ફળ્યું છે તે મુલવવું પડે.જો કે દર વર્ષે આપણે ગાંધી જયંતિ નિમિત્તે ગાંધીને યાદ કરીએ છીએ અને તેમણે આઝાદી પછીનું કલ્પેલુ ભારત ભુલી જઇએ છીએ.

આઝાદી બાદ ગાંધીએ જોયેલા અને અનુભવેલા દુષણો કરતાં કંઇક વિશેષ દુષણો આજે દેખાઇ રહ્યા છે.દેશના વ્યાપક દુષણોમાં સૌથી વધુ કોઇનો ફાળો હોય તો તે પ્રચાર માધ્યમો અને તે પછી ગાંધીના નામે ચરી ખાનારા રાજકારણીઓનો છે.ખરા અર્થમાં મેળવાયેલ આઝાદી ખોરવાઇ ગયેલી હાલતમાં દેખાઇ રહી છે.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૪૬)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૪૬૯ | એમ.એ.બીએડ,એમ.ફીલ. | ૨૨-૨-૮૯ | ૩૮૦૯૦ | મેથો. | કુંવારા |
| ૪૭૦ | એમ.કોમ.બીબીએ. | ૬-૨-૯૨ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૧ | એમ.એસ.ડબલ્યુ | ૧-૮-૮૭ | ૨૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૨ | ધો.૧૨.ઈલેક્ટ્રીક.મીકે.ડિપ્લોમાં | ૧૦-૧૨-૮૨ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૩ | બી.કોમ.એમબીએ. ઈગ્લીંસ મીડીયમ | ૬-૧૦-૮૯ | ૨૫૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૪૭૪ | ૧૨સાયંસ,બીસીએ,બીએડ.કોમ્પ્યુ. | ૩-૯-૮૬ | ૭૭૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૫ | જીએનએમ. ૩ ૧/૨વર્ષ | ૨૧-૮-૯૦ | ૧૮૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૪૭૬ | આઇ.ટી.એન્જીનીયર | ૨૭-૨-૯૦ | ૩૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૭૭ | એમ.એસ.સી.જીનેટીક્સ | ૨૨-૧૦-૮૯ | ૨૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૭૮ | બીઇ મીકેનીકલ.એન્જી. | ૨-૨-૯૨ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૯ | બીકોમ.પીજીએચઆરડી.ડીપ્લો.ઈન્ટર.બી-મા.મે | ૧૬-૧૨-૯૧ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૦ | એમબીએ.માર્કેટીંગ | ૩૦-૧-૭૯ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૯૧ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૨૧-૧૨-૯૦ | ૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૯૨ | બીકોમ.હોટેલ મેનેજમેન્ટ ૩. ૧/૨વર્ષ | ૫-૪-૯૬ | ૧૦૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૭૯૩ | ૧૨પાસ.અંગ્રેજી માધ્યમ | ૧૦-૧૧-૭૮ | ૨૫૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૭૯૫ | ૧૦પાસ.એમટીઆઇ ૨વર્ષ વાયરમેન | ૧૭-૧૧-૮૮ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૭૯૬ | બીએ.એલએલબી. | ૩-૭-૮૬ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૯૭ | ૧૨ નાપાસ.જીઇબી એપ્રેન્ટીસ.પાસ | ૧૯-૮-૮૪ | ૧૦૫૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૭૯૮ | બીકોમ.કોમ્પ્યુ.કોર્ષ | ૧૦-૭-૮૮ | ૯૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૯૯ | એમ.એ.બીએડ(ગુજરાતી) | ૧-૫-૮૦ | ૩૮૦૯૦ | આર.સી. | કુવારા |
| ૮૦૨ | બીએ(ઈગ્લીંસ)કોમ્પ્યુ.આઇટી.કોર્‌,પીજીડીસીએ | ૫-૯-૮૮ | ૧૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૦૩ | બીએ.આઇટીઆઇ.ઈલેક્ટ્રીશયન ૨ વર્ષ | ૩-૩-૮૪ | ૮૫૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૧૦ | બીકોમ.જીએનએમ ૩ ૧ /૨ વર્ષ | ૪-૬-૮૫ | ૧૮૦૦૦ | સીએનઆઇ | વિધુર |
| ૩૧૧ | ૧૦પાસ.આઇટીઆઇ ફીટર | ૧૯-૩-૮૦ | ૧૨૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૩૧૨ | ૧૦પાસ.૨વર્ષ આઇટીઆઇ.જીઇબી.એપ્રેન્ટીસ | ૧૨-૮-૭૩ | ૨૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૩૧૩ | એમ.એસ.ડબલ્યુ | ૧૮-૭-૮૨ | ૫૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૩૧૪ | ૧૦પાસ.ફીટર.૨વર્ષ સીએનજી. | ૪-૮-૮૪ | ૧૫૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૪૬) ★

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૪૭૬ | એમ.એસ.સી.બી.એડ.(ઈગ્લીસ મીડીયમ) | ૨૪-૨-૮૩ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૭૭ | એમ.એસ.સી.બી.એડ (ઈગ્લીસ મીડીયમ) | ૨-૫-૮૮ | ૧૫૦૦૦ | સીએનઆઇ | કુંવારી |
| ૪૭૮ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૮-૭-૮૮ | ૩૦૦૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૪૭૯ | એમએસસી. ઓર્ગેનીક | ૨૬-૪-૮૯ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૮૦ | ૧૨ પાસ.૨ વર્ષ નર્સીંગ | ૯-૨-૮૬ | ૭૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૪૮૧ | એમબીએ.(એચઆર)એલએલબી. | ૪-૧૦-૮૯ | - | આર.સી. | કુંવારી |
| ૪૮૨ | એમબીએ.(એચઆર) | ૧૯-૧૦-૯૦ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૮૩ | બીકોમ.એમબીએ.ફાઇનાન્સ | ૩-૨-૯૦ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૮૪ | બીઇ આર્કીટેક | ૧૭-૬-૯૨ | ૩૩૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૮૫ | જીએનએમ. ૩ ૧/૨ વર્ષ | ૨૦-૧-૮૬ | ૩૯૦૦૦ | મેથો. | કુંવારી |
| ૪૮૬ | બીસીએ.એમએસસી.(આઇટી) | ૧-૯-૮૯ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૮૭ | કોમ્પ્યુ. એન્જી. | ૨૫-૧૦-૯૩ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૪ | એમ.એ.બીએડ.ઈગ્લીસ મીડીયમ | ૪-૬-૭૭ | ૨૪૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૫ | એમ.એ.બીએડ. એમએડ | ૫-૧૨-૮૬ | ૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૬ | પીટીસી | ૩૧-૫-૭૪ | ૩૯૦૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૫૨૭ | એમ.કોમ. ઈગ્લીંસ મીડીયમ | ૧૧-૭-૯૨ | - | મેથો. | કુંવારી |
| ૫૨૮ | એમ.એ.બીએડ (હિન્દી ગુજરાતી) | ૧૬-૮-૮૫ | ૯૦૦૦ | સા.આર્મી | કુંવારી |
| ૫૨૯ | એમ એ.બીએડ( સંસ્કૃત ગુજરાતી) | ૨૪-૪-૮૦ | ૪૦૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૫૩૦ | પીટીસી.બીએ.કોમ્પ્યુ. કોર્ષ | ૨-૧૧-૯૧ | - | સા.આર્મી. | કુંવારી |
| ૫૩૦ | ૧૨ પાસ.સિવણ ડીપ્લોમાં. | ૨૧-૧૨-૯૦ | - | સા.આર્મી. | કુંવારી |
| ૧૯૦ | બીએસસી નર્સીંગ | ૧૨-૨-૯૦ | ૩૨૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૯૧ | એમએ બીએડ (ઈગ્લીંસ) | ૨૪-૭-૮૫ | ૧૮૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૯૨ | બીકોમ. | ૨૧-૭-૮૩ | ૪૮૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૯૩ | જીએનએમ ૩ ૧/૨વર્ષ | ૨૧-૧૧-૮૭ | ૫૦૦૦૦ | સીએનઆઇ | છુટાછેડા |
| ૧૯૪ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૮-૧-૮૮ | ૮૦૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.

(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.

(૫)**visit by appointment only**

# સદગુણ એ માણસની શોભા છે

સદગુણ એ માણસની શોભા છે. સદ્‌ગુણો જ એનું ગૌરવ થાય છે.એ ગુણો ક્યાંય રસ્તામાં પડ્યા હોતા નથી.માણસે એ મેળવવા પડે છે. માણસમાં જો સદ્‌ગુણ ના હોય, એની પાસે ભારોભાર ધન-દોલત હોય પણ એ કથીર સમાન છે. માણસના સદ્‌ગુણો તેને માન-મોભો અપાવે છે.બીજા બધા આદર કરતાં સદ્‌ગુણોનો આદર એ સર્વશ્રેષ્ઠ ગણાય છે. એ સદગુણો ક્યાંથી આવે ? તો બાળકના જન્મ સાથે જ એના કુટુંબમાંથી મળતા હોય છે.સદ્‌ગુણો એ પરંપરાગત પેઢીઓના પુણ્યપ્રતાપે પ્રાપ્ત થાય છે.આપણી સૌથી મોટી કરુણતા એ છે કે ,માણસના સદ્‌ગુણોને ઓળખનારા ઓછા હોય છે.પણ દુર્ગુણોની તો ચોરેને ચૌટે વાતો થતી હોય છે. આજે આપણે જોઇએ તો જગત પર અસત્યનું આક્રમણ જોરશોરથી થઇ રહ્યું છે.એમાં કદાચ ખોટું કરનારાઓની સંખ્યા ઓછી હશે છતાં દુર્ગુણોનું ઘોડાપુર ઉમટ્યું હોય તેવો ભાસ થાય છે. સદ્‌ગુણીઓ દુષણોથી દુર રહેવા પ્રયત્ન કરે છે.અને એક નાનકડો દુર્ગુણ આખા સમાજ પર છવાઇ જાય છે.માણસની સાચી ઓળખ જ એના ગુણ છે.દુર્જનોથી દુર રહેવું એ સદ્‌ગુણીનું લક્ષણ છે. કાલિદાસે કહ્યું છે :' અવગુણ એ નાવના તળિયાના બાકોરા જેવુ છે, જે નાનુ હોય કે મોટું એક દીવસ એને ડુબાડે છે. 'જેને ડુબવું નથી તે અવગુણીયલો થી દુર રહે છે. 'દુર્જન સાથે મિત્રતા કરવી નહી, તેમ વેર રાખવું નહી, અંગારો જ્યારે ગરમ હોય ત્યારે દઝાડે છે અને ઠંડો પડે ત્યારે હાથ કાળા કરે છે.' આ તો સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુઃખ જેવી સ્થિતિ પેદા થાય છે. ચાણક્યે કહ્યુ છે કે :' ગુણોનું જ બધે સન્માન થાય છે.તેના વંશનું નહી'

કન્ફ્યુશિયસે કહ્યું છે :'ધનથી સદગુણ પ્રાપ્ત થતાં નથી પરંતુ સદ્‌ગુણોથી જ ધન અને અન્યન્ય ઇચ્છીત વસ્તુ પ્રાપ્ત થાય છે. 'સદગુણ એ જ માણસની સર્વોત્તમ મુડી છે. પણ આજના સમયમાં સદ્‌ગુણોવાળો માણસ હતાશ થઇ જાય છે.એને ચોમેરથી ફિટકાર મળતો હોય છે. એવો ભાસ થાય છે. પણ સરવાળે એ સાચું નથી.એ સાચું છે કે સમાજમાં શેતાની વૃત્તિવાળો એકાદ માણસ પણ આખા સમાજને દુષિત કરે છે. પરંતુ વિનોબાએ એક ખુબ સારી વાત કરી છે. 'માણસનું જીવન એક મકાન છે, એમાં દોષરૂપી દીવાલો અને ગુણરૂપી દરવાજા છે. ગમે તેવા ગરીબ ઘરનેય એક દરવાજો તે રહેલો જ, તમારે ઘરમાં પ્રવેશ કરવો હશે તો તે દરવાજામાંથી જ જઇ શકાશે.દીવાલોથી પ્રવેશવા જશો તો માથુ ફુટી જશે' આપણે હંમેશા બીજાના દોષ જ જોતા હોઇએ છીએ.દુર્જનમાં પણ કંઇક સારાપણું હોય છે.આપણાંમાં ય અવગુણો તો હોવાનાજ.જેમ સિક્કાની બે બાજુ હોય છે એ રીતે આપણામાં જે સારા ગુણો છે તેનો સદ્‌પયોગ થાય અને જે ખરાબ ગુણો છે એને દુર કરવાનો પ્રયત્ન કરીએ તો ઘણુ મેળવી શકીએ.સાધારણ દોષોને કાઢી નાંખવાની ચીવટ રાખઝો, તો તમારુ જીવન ઉન્નત બની જશે.

માણસ ક્યા કુળમાં જન્મ્યો છે તે મહત્વનું નથી. પણ એનામાં કેવા ગુણો છે એના આધારે એનું મુલ્ય અંકાય છે. ગુણથી ગૌરવ વધે છે. કમળનો જન્મ કાદવમાં થતો હોવાં છતાં તેના ગુણના કારણે તેને ભગવાનના મસ્તક પર ધરાય છે.જેનામાં સદગુણ છે એનામાં એની સભાનતા હોય તો એને નુકશાન કરે છે એની સભાનતા જ એનો દુર્ગુણ બની જાય છે. સદ્‌ગુણ જ માણસને મહાન બનાવે છે.તંદુરસ્તી વિના સુખી રહેવું એ મુશ્કેલ છે. તો સદ્‌ગુણો વિના સારા બનવું એથીય મુશ્કેલ છે.ધર્મનો બાહ્યાડંબર કરવાથી ગુણિયલ બની જવાતું નથી .લિયો ટોલ્સટોયે કહ્યું છે :' અત્યારની જેમ પહેલાં પણ ધર્મ મુખ્યત્વે તે લોકોના વિશ્વાસ અને વ્યવસાયનો વિષય હતો જે આળસું અને અધર્માચરણી હતા અને પોતાને અતિશય મહત્વ આપતા હતા, પરંતુ યોગ્યતા, પ્રામાણિકતા, ભલાઇ, સજ્જનતા અને સદાચારી વગેરે ગુણો અધિકતર નાસ્તિક લોકોમાં જ જોવા મળે છે. '

સત્સંગી બુધ્ધિની જડતાને દુર કરે છે.વાણીમાં સત્યનો સંચાર કરે છે. સન્માનમાં વૃધ્ધિ કરે છે. પાપોનો નાશ કરે છે. ચિત્તને પ્રસન્ન કરે છે.અને દસે દિશાઓમાં કિર્તિ ફેલાવે છે.બતાવો સત્સંગતિ માણસ માટે શું નથી કરતી ? સત્સંગતિ તો ધુપસળી જેવી છે.જે સ્વંય બળીને બીજાને સુવાસ આપે છે.સત્સંગતિ તો ગુલાબનું ફુલ છે., જે શોભા સાથે સુવાસ આપે છે. સત્સંગતિથી માણસનું જીવન સુધરી જાય છે.સત્સંગતિથી માણસના અવગુણોની દુર્ગંધ દુર થઇને ગુણની સુગંધ ફેલાય છે.સત્સંગતિ પામનાર માણસ પણ સર્વત્ર પુજનીય બને છે.તેને પણ બધેથી માન-સન્માન મળે છે.સત્સંગતિથી માણસમાં રહેલી નબળાઇઓ, ખરાબ ભાવનાઓનો નાશ થાય છે.સત્સંગતિથી માણસનું મન નિર્મળ બની જાય છે.જેથી સંસારમાં રહેતો હોવા છતાં સંસારની કોઇ લાલચ તેને આર્કષી શકતી નથી. ચાણક્યની નીતીસુત્રાણી (૫૧૯)માં કહ્યું છે : ' સજ્જનોનો સંગ સ્વર્ગમાં વાસ કરાવે છે. ' જે સદ્‌ભાગી હોય એને જ સારી સંગતી મળતી હોય છે.અપેક્ષાઓ ક્યારેય પુરી થતી નથી.તેથી એક પછી એક અપેક્ષાઓ જાગતી રહે છે. એના કારણે માણસ અધોગતિની ગર્તામાં ડુબતો જાય છે.પણ જો એને કોઇ ઉત્તમ પુરુષનો સંગ મળી જાય તો એના જીવનમાં એક નવુંજ પ્રકરણ શરૂ થતું હોય છે.એક ઉત્તમ વિચાર માણસના જીવનનું પરિવર્તન કરતો હોય છે.

માણસના ગમે તેવા અવગુણ હોય પણ એ સજ્જન સાથે સંગતિ થઇ જાય તો તે પણ સજ્જન બની જતો હોય છે.માણસનું મન તો એટલું ચંચળ છે કે જેની સાથે જાય એવું બની જાય છે.' કાચ પણ કંચનનો સંગ મેળવને લીલમ મણીની શોભા પ્રાપ્ત કરે છે. ' હિતોપદેશની પ્રસ્તાવનામાં આમ કહેવાયું છે.કબીરે કહ્યું છે :' જો જૈસી સંગત કરે સૌ તૈસે ફલ ખાઇ ' જેવી સંગતિ એવું ફળ મળતું હોય છે.બાવળ વાવીને કેરીની અપેક્ષા રાખવી એ મુર્ખામી ગણાય.માણસનો સાચો સાથી માત્ર ગ્રંથ છે.ઉત્તમ ગ્રંથનું વાંચન માણસને સાચો રસ્તો બતાવે છે.માણસે ગ્રંથનો સંગ કરવાનો છે.જેથી મનમાં કોઇ ખરાબ વિચારોનું પ્રગટીકરણ ના થાય.સત્સંગતિ એ માણસ માટે ઔષધી છે. એ એવી ઔષધી છે જેના કારણે બધાં દુઃખો દુર થઇ જાય છે.નીતીશાસ્ત્રમાં કહ્યું છે : ' સત્ય જ માતા, જ્ઞાન જ પિતા, ધર્મ જ ભાઇ, દયા જ મિત્ર, શાંતિ જ પત્ની, ક્ષમા જ પુત્ર એ છ મારા ભાઇઓ છે.'એવા માણસની સંગતિથી માણસના જીવનમાં વસંત ઋતુ આવી જાય છે.માણસની દુર્જનતારૂપી પાનખરનો અંત આવી જાય છે.

જે સાચો સંત છે એ ઉપદેશ આપતો નથી.એનો પ્રભાવ અને એનુ મૌન જ બધું કહી દેતું હોય છે.કોઇએ કહ્યું છે કે સંત પુરુષ જો કોઇ ઉપદેશ ન આપે તો પણ એની પાસે જવું ઉત્તમ છે.સત્પુરુષનો સંગ એ જીવનની અમુલ્ય મડી ગણાય છે.તેમનો જેટલો સંગ મળે એટલો લાભ લઇ લેવો જોઇએ.જેથી આપણા જીવનને નવો રાહ મળે છે. એનું કારણ એ છે કે અત્યારે જીવનને અમુલ્ય લ્હાવો મળ્યો છે એ કાલે ન પણ મળે.ફારસીમા હાફિજે ' દીવાન 'માં એક શેરમાં કહ્યું છે : ' જેમના માત્ર પડછાયાથી જ હૃદયમાં પ્રકાશ થઇ જાય છે એવી વિલક્ષણ વસ્તુ, સંતોની સત્સંગતિમાંથી પ્રાપ્ત થાય છે. 'તેથી સત્સંગતિ અત્યંત જરુરી છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

## જાણવા જેવું !

ઘોડાને ચાલીસ દાંત હોય છે અને ઘોડીને છત્રીસ દાંત હોય છે.

ચિલોત્રા નામના પક્ષીની ચાંચ,તીક્ષ્ણ હોવાથી તેનો ઉપયોગ નકશીકામ માટે કરવામાં આવે છે.

જીરાફની જીભ ૨૧ ઇંચ લાબી હોય છે.

વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યું પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.

માડાગાસ્કર ટાપુ પર જોવા મળતા ટેનરેક નામના ઉંદર ૮ થી ૩૮ સેમીની લંબાઇ ધરાવે છે.

ડોલ્ફીન સાઇઠ કી.મી. પ્રતી કલાકની ઝડપે તરી શકે છે.

મધમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઇંડા મુકે છે.

# દક્ષીણના બંદરો પરથી ભેંસના માંસની નિકાસમાં અચાનક બે ગણો વધારો

દક્ષિણ ભારતના બંદરો પરથી ભેસના માંસની નિકાસ થઇ રહી છે તેમાં અચાનક વધારો થયો છે.આ વધારો બે ગણો વધારે છે.તેથી કેટલાકના મતે ભેંસની સાથે ગાયના માંસની પણ નિકાસ થઇ રહી હોવાની શંકા છે.સરકારે ગાય અને વાછરડાના માંસની નિકાસ પર અગાઉથી પ્રતિબંધ મુકેલો છે. પણ તેનું યોગ્ય રીતે પાલન થાય છે કે કેમ તેની સામે શંકા સેવાઇ રહી છે.આંકડાની દષ્ટિએ જોઇએ તો ૨૦૧૪-૧૫માં અને ૨૦૧૬-૧૭માં ભેંસના માંસની નિકાસ ૧૪.૭૬લાખ ટનથી ઘટીને ૧૩.૩૧ લાખ ટન થઇ હતી. જેનું રુપીયામાં મુલ્ય રુ.૨૯૨૮૯.૧૬ કરોડથી ઘટીને રુ.૨૬૩૦૭.૯૩ કરોડ થયું હોવાનું જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટે જણાવ્યુ હતું. જો કે આ સમય ગાળામાં ચેન્નાઇ અને કટ્ટપલ્લી બંદરેથી માંસની નિકાસમાં પાંચ ગણો વધારો નોધાયો છે. પહેલાં અહીથી ૫ કન્ટેનર જતાં હતા અને હવેથી અહીંયાથી ૫૦ કન્ટેનર જાય છે.દરેક કન્ટેનરમાં ૨૮ ટન માંસ હોય છે. એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ ફુડ પ્રોડક્શન એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરીટી મીટ કન્સાઇમેન્ટના ચેરમેન દેવેન્દ્ર કુમારના જણાવ્યા પ્રમાણે તમામ કંપનીઓને જ્યાંથી ભેસના માંસની નિકાસ થાય છે ત્યાં તમામ્ દસ્તાવેજોની ચકાસણી કરવા કહેવાયુ છે.ઓલ ઇન્ડીયા લાઇવ સ્ટોક એક્સપોર્ટ એસોસીયેશનના અધીકારીએ જણાવ્યુ હતું કે રાતોરાત ફુટી નીકળેલા નિકાસકારો દ્વારા ગેરકાયદે ગાયના માંસની નિકાસ કરાતી હોવાનું જાણવા મળ્યું છે.તેઓ ભેસના માંસના નામે આ નિકાસ કરી રહ્યા છે.દક્ષિણના રાજ્યોમાં માંસની જરુરીયાતને પહોચી વળવા પશુઓની હત્યાની છુટ અપાઇ છે જેનો દુરપયોગ થાય છે.

# દેશની સેનામાં ૩૦ વર્ષની સેવા આપનાર અધિકારીને નાગરિકતા પુરવાર કરવા નોટિસ અપાઇ તે સરકારી ખાતાની બેરહમી અને બેદરકારીતાનો બેનમુન નમુનો દર્શોવે છે

આસામમાં રહેતા ભારતીય સેનાના જુનિયર કમિશન્ડ અધિકારી તરીકે તા.૩૦ સપ્ટે.૨૦૧૬ના રોજ નિવૃત થયેલા અધિકારી મોહમંદ અઝમલ હકને તેમની નાગરિકતા પુરવાર કરવા નોટીસ અપાઇ છે.તેમના જણાવ્યા મુજબ આસામની પોલીસે તેમને તેમની ભારતીય નાગરિકતા પુરવાર કરવા નોટીસ આપી છે.અને કહ્યુ છે કે હું ગેરકાયદે બાંગલા દેશી ઘુસણખોર નથી તે સાબિત કરો.તેમણે જણાવ્યુ હતું કે ફોરેન્સ ટ્રિબ્યુનલ તરફથી નોટીસ મળી છે અને મને કહેવામાં આવ્યુ છે કે મારો સમાવેશ શંકાસ્પદ મતદારોની કેટેગરીમાં કરાયો છે.નોટીસમાં આરોપ મુકવામાં આવ્યો છે કે હુ ૧૯૭૧માં બાગલાદેશથી ભારતમાં ઘુસી આવ્યો હતો અને હક્કે જણાવ્યુ હતું કે ભારતીય સેનામાં ૩૦ વર્ષથી વધુ સમયની સેવા બજાવ્યા બાદ મારી સાથે કરાયેલ વર્તણુંક થી હું ભારોભાર વ્યથિત છું.૨૦૧૨માં પણ મને આ પ્રકારની નોટીસ મળી હતી અને મારો સમાવેશ શંકાસ્પદ મતદારોની યાદીમાં છે તે સમયે પણ મે તમામ દસ્તાવેજો રજુ કર્યા હતા અને ટ્રિબ્યુનલ કોર્ટે મને ભારતીય નાગરિક જાહેર કર્યો હતો. તો ફરીથી આ પ્રકારની નોટીસ અને નાગરિકતા પુરવાર કરવા તમામ દસ્તાવેજો સાથે હાજર રહેવાનો આદેશ આપવાનો મતલબ શું હોઇ શકે ?

## વડાપ્રધાન બુલેટ ટ્રેનને બદલે મોઘવારી પર ધ્યાન આપે : શિવસેના પ્રમુખ ઉધ્ધવ ઠાકરે

શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ સાથીપક્ષ ભાજપ પર આકરા પ્રહારો કરતાં કહ્યુ કે તેણે દેશભક્તિનો પાઠ શીખવાની જરુર નથી.શિવાજી પાર્ક ખાતે દશેરા રેલીને સંબોધતાં ઉધ્ધવે વડાપ્રધાન મોદી પર નિશાન સાધતાં કહ્યુ હતું કે બુલેટ ટ્રેન પાછળ ખર્ચા કરવાને બદલે રોજરોજ વધી રહેલા જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓના ભાવ પર ધ્યાન રાખવું પડશે.જમ્મુ કાશ્મીરમાં પીડીપી સાથેના ગઠબંધન અંગે પણ ઠાકરેએ સવાલો કર્યા હતા.તેમણે જમ્મુ-કાશ્મીરમાં અમલી કલમ ૩૭૦ને નાબુદ કરવાનો સરકારને પડકાર ફેક્યો હતો.

શિવસેના સ્પષ્ટતા કરતાં કહ્યુ હતું કે તે મહારાષ્ટ્રમાં ભાજપ સાતે સરકારમાં જોડાયેલુ રહેશે. શિવસેનાએ તમામ અટકળોનો અંત લાવી દેતા કહ્યુ હતું કે જનહિતની રક્ષા માટે સરકારમાં જ રહેશે.પાર્ટીએ તેના મુખપત્ર સામનામાં કહ્યુ હતું કે જનતાના હિતોની રક્ષા માટે તે સત્તામાં રહેશે.ભાજપની સાથે શિવસેનાના તંગદીલીભર્યા સબંધોમાં એ સમયે વધુ તણાવ આવ્યા હતો જ્યારે તેના સાંસદ સંજય રાઉતે હાલમાં જ કહ્યુ હતું કે તેમની પાર્ટી ટુંક સમયમાં જ નિર્ણય કરશે કે તેણે મહારાષ્ટ્રમાં ગઠબંધન સરકારમાં રહેવું કે નહીં.

# દેશના અર્થતંત્રમાં સર્જાયેલી અરાજકતા વિશે પુર્વ નાણાંમંત્રી યશવંતસિંહાએ સરકાર પર આકરા પ્રહારો કરતાં રાજકીય ખળભળાટ

પુર્વ નાણાંમંત્રી અને ભાજપના ટોચના નેતાઓ પૈકીના યશવંતસિહાએ મોદી સરકારની આર્થિક નીતીઓ પર આકરા પ્રહારો કરતાં ભારતે ખળભળાટ મચી ગયો છે.નાણાંમંત્રી તરીકે અરુણ જેટલીએ દેશના અર્થતંત્રમાં સર્જેલી અરાજકતા વિશે હું બોલીશ નહીં તો એક નાગરિક તરીકેની મારી રાષ્ટ્રીય ફરજ હું ચુકી જઈશ તેમ જણાવીને પુર્વ નાણાંમંત્રી યશવંતસિંહાએ મોદી સરકારને ભીંસમાં લીધી હતી.જેટલીને કટાક્ષમાં સુપરમેન કહીને સિંહાએ કહ્યુ છે કે તેમણે દેશના અર્થતંત્રને ખાડે નાંખ્યું છે અને તેને કારણે એક પછી એક સેકટર મંદીના ખપ્પરમાં હોમાઈ રહ્યું છે. જેટલીને નિશાન બનાવીને અંગ્રેજી અખબાર ઈન્ડીયન એક્સપ્રેસ ના એડીટોરીયલ પેજ પર લખેલા આર્ટિકલમાં સિંહાએ મોદી સરકારને તેની નીતીઓ બદલ આડે હાથ લેતા ભાજપની નેતાગીરી હબકી ગઈ છે.ભાજપની બાજપેયી ચસરકારમાં નાણાંમંત્રી રહી ચુકેલા સિંહાએ લખ્યુ છે.''વડાપ્રધાન નરેન્દ્ર મોદી એવો દાવો કરે છે કે તેમણે ગરીબીને બહુ નજીકથી જોઈ છે. તેમના નાણાંમંત્રી દેશના અર્થતંત્રને જે રીતે ચલાવી રહ્યા છે જેથી કરીને દરેક ભારતીય પણ ગરીબીને નજીકથી જુએ.''

અર્થતાંત્રાની હાલત અત્યંત ખરાબ છે.તેમ ભાજપના તમામ લોકો જાણે છે પણ ડરના માર્યા કશું બોલી શકતા નથી,તેમ જણાવીને સિંહાએ સ્પષ્ટ લખ્યું છે કે મોદી સરકારે લાગુ કરેલી નોટબંધીનો નિર્ણય અત્યંત ફ્લોપ સાબિત થયો છે. અને તેના પછી જીએસટીને આડેઘડ લાદી દેવાથી વેપારીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.જીએસટીનો અમલ યોગ્ય રીતે લાગુ કરાયો નથી. દેશમાં ખાનગી સેકટરમાં આજે રોકાણ અત્યંત નીચલી કક્ષાએ આવી ગયું છે કે જે પાછલા બે દાયકા દરમિયાન પણ નહોતું.ઔદ્યોગિક ઉત્પાદનની હાલત અત્યંત ખરાબ છે.કૃષિ ક્ષેત્રમાં પરેશાની છે. જેમાંથી સૌથી વધુ રોજગારીનું નિર્માણ થાય છે તે મેન્યુફેક્ચરીંગ સેકટરમાં પણ સંકટ છવાયું છે.લાખો લોકો બેરોજગાર છે એમ સિંહાએ લખ્યું છે.

ઘટી રહેલા જીડીપીને લઈને પણ સિંહાએ જેટલીના નામ સાથે લખ્યું છે . પહેલા ક્વાટરમાં વિકાસદર ઘટીને ૫.૭ ટકા થઈ ગયો છે. જે ત્રણ વર્ષમાં સૌથી ઓછો છે.સરકારના પ્રવક્તા કહે છે કે નોટબંધીથી મંદી આવી નતી.ખરેખરતો મંદીની શરુઆત પહેલેથી થઈ હતી.નોટબંધીએ તો આગમાં ઘી હોમવાનું કામ કર્યુ છે.

દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેન્ક એસબીઆઈએ સ્પષ્ટ કહ્યુ છે કે મંદી કોઈ ટેકનીકલ કારણોથી નથી , પણ વાસ્તવિક છે અને ડિમાન્ડ અત્યંત તળીયે આવી ગઈ છે. એસબીઆઈનો રિપોર્ટ ભાજપના પ્રમુખની ટિપ્પણીથી સાવ વિરોધી છે એમ તેમણે લખ્યું છે. લેખમાં સિંહાએ આવકવેરા વિભાગ, ઈડી અને સીબીઆઈના દુરપયોગ અંગે પણ સરકારની ટીકા કરી છે. સિંહાએ લખ્યું છે કે લોકોમાં ભયનો માહોલ ઉત્પન કરવા માટે સરકાર દરોડાનું રાજકારણ રમી રહી છે.

## દેશમાં ગરીબોને વીજળીનું "સૌભાગ્ય" મફત નહીં મળે

કેન્દ્ર સરકારે કોઈપણ શ્રેણીના ગ્રાહકોને માટે જાહેર કરેલી સૌભાગ્ય યોજના અંતગર્ત મફત વીજળી આપવામાં આવશે નહીં.આ યોજનાનો હેતું સૌને વીજળી પહોચાડવાનો છે.જેમાં ગરીબ પરિવારોને વીજ જોડાણ મફત મળશે.પરંતુ વીજળી મફત નહીં મળે. આ ખુલાસો સૌભાગ્ય યોજના અંગેના એક પુછાયેલ સવાલના જવાબમાં અપાયો હતો.વીજ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે પરિવારોએ માત્ર રુ.૫૦૦ ચુકવવાના રહેશે જે તેની વીજ બીલના ૧૦ હપ્તામાં રિકવર કરવામાં આવશે.ડિસે.૨૦૧૮ સુધીમાં દેશના ૪ કરોડ પરિવારોને વીજળી જોડાણ આપવામાં આવશે.

## ગૌરક્ષાના નામે થતી હિંસાના પીડીતોને રાજ્યો વળતર ચુકવે : ગૌરક્ષકો પર લગામ કસવા જિલ્લામાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓની નિમણુંક કરો

ગૌરક્ષાના નામે કાયદો હાથમાં લઈને ટોળાં દ્વારા થતી હિંસા સામે લાલ આંખ કરતાં સુપ્રીમ કોર્ટે તમામ રાજ્ય સરકારોને ૧૩ ઓકટો. સુધીમાં ગોરક્ષાના નામે થતી હિંસાને અટકાવવા દરેક જિલ્લામાં એક વરિષ્ઠ પોલીસ અધિકકારીની નિયુક્તિ કરવા આદેશ આપ્યો છે.ભારતના ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના નેતૃત્વ હેઠળ બેન્ચે તમામ રાજ્ય સરકારોને ગૌરક્ષાના નામે થતી હિંસાના પીડીતોને વળતર ચુકવવાનો આદેશ આપ્યો હતો.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે ગોરક્ષાના નામે થતી હિંસા પર ઘટના પછી નહીં પરંતુ તે પહેલાં રોક લગાવવી આવશ્યક છે.આઈપીસી અનુસાર રાજ્ય સરકારો પીડીતોને વળતર ચુકવવા બંધાયેલી છે.જો તેમણે આ માટે કોઈ યોજના ન બનાવી હોય તો તૈયાર કરે. સુપ્રીમમાં હાથ ધરાયેલી સુનાવણીમાં ગુજરાત,રાજસ્થાન, ઝારખંડ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશે સ્ટેટસ રિપોર્ટ રજુ કર્યા હતા.સુપ્રીમ કોર્ટે બાકીના રાજ્યોને સ્ટેટસ રીપોર્ટ દાખલ કરવા આદેશ આપ્યો છે.

અગાઉની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે ગૌરક્ષાના નામે વધી રહેલી હિંસા પર આકરુ વલણ અપનાવતાં કહ્યુ હતું કે ગૌરક્ષકો કાયદો હાથમાં ન લે તે જોવાની જવાબદારી નોડલ અધિકારીઓની છે.આ માટે દરેક જિલ્લામાં એક નોડલ અધિકારીની નિયુક્તી કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે તેના આદેશના અમલ માટે રાજ્યોને એક સપ્તાહનો સમય આપ્યો છે. અદાલતે ગૌરક્ષકો દ્વારા હાઈવે પર પશુની હેરફેર કરતાં લોકો પર થતા હુમલા અટકાવવા હાઈવે પર સુરક્ષા માટે રાજ્યોએ કેવા પગલાં લીધી તેની જાણકારી પણ માંગી હતી.સુપ્રીમ કોર્ટે રાજ્યોના મુખ્ય સચિવોને આદેશ આપ્યો હતો કે સબંધિત પોલીસ મહાનિર્દેશકોની મદદથી ધોરી માર્ગો સુરક્ષિત રાખવામાં આવે.

ઓસ્ટ્રેલીયામાં આવેલો આર્યસ ખડક દરરોજ રંગ બદલે છે.

વિશ્વની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચ ૧૮૭૬-૭૭માં ઓસ્ટ્રેલીયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ હતી. આ પ્રથમ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલીયન ખેલાડી સી.બેનરમેને ઈંગ્લેન્ડ સામે ૧૬૫ રન કર્યા હતા.અને તે પણ નોટઆઉટ રહીને.

ઓરગાનોમાં આવેલા પોર્ટલેન્ડ શહેરનું નામ ૧૮૪૪માં સિક્કો ઉછાળીને નક્કી કરવામાં આવ્યું હતું.

ભારતમાં સૌથી વધુ હળદર આંધ્રપ્રદેશમાં થાય છે.

ભારતમાં કપાસ અને મગફળીનું સૌથી વધુ ઉત્પાદન ગુજરાતમાં થાય છે.


**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**

**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.